શિખર સુધી

વિશ્વના સૌથી ઊંચા પર્વતની ચઢાઈ



લેખક: એસ. એ. ક્રેમર

ચિત્ર: થોમસ લા પાડુલા

શિખર સુધી

વિશ્વના સૌથી ઊંચા પર્વતની ચઢાઈ

લેખક: એસ. એ. ક્રેમર
ચિત્ર: થોમસ લા પાડુલા

Random House New York

માણસો અને પર્વત

બે વ્યક્તિ એક વિશાળ પર્વતની તળેટીમાં ઉભા છે. બરફ પડી રહ્યો છે, અને ગુસ્સાવાળો પવન ચારે બાજુ ગર્જના કરે છે. એ જ્યાં પણ જુએ છે, એને બરફ અને ચટ્ટાનો જ દેખાય છે. આ એવી જગ્યા છે, જ્યાં ન કંઇ ઉગે છે, અને ન કોઇ રહે છે.

પણ આ ભયાનક એકાંત તરફ બંનેનું ધ્યાન બિલકુલ નથી. એ થીજાવી દેતી ઠંડી અને તોફાની હવાઓ તરફ કોઇ ધ્યાન આપતા નથી. એની દ્રષ્ટિ એ પર્વત પર કેન્દ્રિત છે, જે એટલો ઊંચો છે કે એ શિખરને જોઇ પણ શકતા નથી.

એ પર્વત છે એવરેસ્ટ, જે સંસારમાં સૌથી ઊંચો પર્વત છે. 29,028 ફીટની ઊંચાઇ, એટલે એ લગભગ 9 કિલોમીટર ઊંચો છે, એટલે કે વાદળોથી પણ ઊંચો.

અને આ પર્વત ફક્ત ઊંચો જ નથી - એ પૃથ્વીના સૌથી વધારે ઠંડા સ્થાનોમાંથી એક છે. વરસનો કોઇ પણ સમય હોય, ત્યાં જમા થયેલો બરફ ક્યારેય પીગળતો જ નથી. એ એશિયાની એક અતિ વિશાળ પર્વતમાળાનો હિસ્સો છે, જેને હિમાલય કહેવાય છે. હિમાલયનો અર્થ છે બરફનું ઘર.

એવરેસ્ટની નીચે ઉભેલી એ બંને વ્યક્તિ પર્વતારોહી છે. એના નામ છે એડમન્ડ હિલેરી અને તેનઝિંગ નોર્ગે. વરસ છે 1953, અને એ એવરેસ્ટના શિખર પહોંચવાવાળા પહેલા માણસ બનવા ચાહે છે.

ત્યાં સુધીમાં માઉન્ટ એવરેસ્ટના શિખર સુધી પહોંચવામાં કોઈ પણ સફળ થઇ શક્યું ન હતું. એનાથી પહેલા દસ વાર પ્રયત્નો કરવામાં આવ્યા હતા, ભિન્ન ભિન્ન લોકો દ્વારા, પણ સફળતા મળી ન હતી. ઓગણીસ પર્વતારોહી જીવથી ગયા હતા, એમાંથી બે તો શિખરની નજીક પહોંચીને અચાનક ગાયબ થઇ ગયા, અને પછી એની કોઇ ભાળ મળી ન શકી.

તેનઝિંગ અને હિલેરી એક વિશેષ અભિયાનના હિસ્સો છે, જે શિખર સુધી પહોંચવાનો પ્રયત્ન કરશે. જો એ સફળ થાય તો એ સમગ્ર સંસારમાં મહાનાયક બની જશે. વિશ્વભરમાં લાખો લોકો એની સફળતાના સમાચારની પ્રતીક્ષા કરી રહ્યા છે. શું એ એવરેસ્ટ પર વિજય પ્રાપ્ત કરી શકશે?

અનેક લોકોનો મત છે કે ટોચ સુધી પહોંચવું અસંભવ છે. પર્વતના અમુક હિસ્સાની ચઢાઇ એટલી આકરા ઢાળવાળી અને ખતરનાક છે કે એક ખોટું પગલું પણ મોતનું કારણ બની શકે છે. પર્વતારોહી કાં તો ગબડીને હજારો ફીટ ઊંડી ખાઇમાં પડી શકે છે, અથવા હવામાં જ ત્રણ કિલોમીટર નીચે પડીને ધરાશાયી થઇ શકે છે.

એવરેસ્ટ એટલું ઠંડુ છે કે, ઉનાળામાં પણ તાપમાન શૂન્યથી 40 ડિગ્રી નીચે સુધી જઇ શકે છે. ખાસ કપડાં વગર માણસ થોડી જ મિનિટોમાં ઠંડીથી જામીને મૃત્યુ પામી શકે છે.

અહીં પવન બહુ તીવ્ર ગતિથી ચાલે છે, પ્રચંડ ચક્રવાતી તોફાન જેવો. સો માઇલ પ્રતિ કલાકની ગતિથી ચાલતી હવા હથોડાની જેમ વાર કરે છે. પર્વતારોહીને ઉડી જતા વાર ન લાગે.

ભયાનક હિમપ્રપાત - પહાડના ઢલાણ પરથી સરકતા બરફ અને ખડક - એવરેસ્ટના ઢાળ પર દિવસના ઘણી વાર થાય છે. એ પહેલા કે પર્વતારોહી કંઇ સમજી શકે, એ એની નીચે દટાઇ જાય છે. 1922 માં એકજ હિમપ્રપાતે સાત પર્વતારોહીઓનો જીવ લઇ લીધો હતો.

પણ એવરેસ્ટના શિખર સુધી ન પહોંચી શકવાનું મુખ્ય કારણ હતું એની અકલ્પનિય ઊંચાઇ. તમે જેટલા ઉપર જાઓ છો, હવામાં ઓક્સિજનની માત્રા એટલી જ ઓછી થતી જાય છે. એવેરેસ્ટના શિખર ઉપર જમીન કરતા ત્રીજા ભાગનું જ ઓક્સિજન છે. પર્યાપ્ત ઓક્સિજનના અભાવને લીધે પર્વતારોહીનું શરીર જડ થઇ જાય છે. આટલી ઊંચાઇએ કોઇ પણ એક સમયની સીમા પછી જીવિત નથી રહી શકતું.

હિલેરી અને તેનઝિંગને ખબર છે કે એવરેસ્ટ કેટલું જોખમકારક છે. પણ બંનેને ખાતરી છે કે એ શિખર સુધી પહોંચી શકે છે. એમનું માનવું છે કે પૃથ્વીનું કોઇ પણ સ્થાન માનવની પહોંચની બહાર નથી. એ એવરેસ્ટને એક પડકાર તરીકે જુએ છે જેનાથી મનુષ્ય મોઢું ફેરવી ન શકે. એના શિખર સુધી માણસે પહોંચવુંજ જોઇએ, કારણકે "એ ત્યાં છે."

અને હવે એ ક્ષણ આવી ગઇ છે. પર્વતનું શિખર વાદળો પાછળ ક્યાંક છુપાયેલું છે. અને એના સુધી પહોંચવા માટે હિલેરી અને તેનઝિંગ બધું જ દાવ પર લગાવવા તૈયાર છે.



શરૂઆત

થોડા મહિના પહેલા સુધી તેનઝિંગ અને હિલેરી એક બીજાને જાણતા પણ ન હતા. તો પણ ઘણા વર્ષોથી બંનેની આંખોમાં એક જ સપનું હતું - એવેરેસ્ટના શિખર પર સૌથી પહેલા પહોંચવાનું.

હિલેરી ન્યુઝીલેન્ડમાં મધમાખી ઉછેરનાર છે. એના બાળપણમાં બધાને એવું લાગતું હતું કે જીવનમાં એ કંઇ હાંસલ નહીં કરી શકે. એ એક નાનો, શરમાળ બાળક હતો, જે સ્કૂલના ભણતરમાં બહુ સારો ન હતો. એના પિતા ક્યારેક એને મારતા પણ હતા.

પણ ઉંમર વધવાની સાથે એ ઊંચા કદનો હૃષ્ટ-પુષ્ટ નવયુવાન બની ગયો. એણે પર્વતારોહણને એનો શોખ બનાવ્યો. સોળ વર્ષની આયુ સુધી એણે બરફ જોયો પણ ન હતો, અને પહેલી વાર કોઇ પર્વતના શિખર પર એ 20 વર્ષની ઉંમરમાં ચઢ્યો.

એક દિવસ તેનઝિંગ અને હિલેરીને અંગ્રેજોએ આયોજિત કરેલા એક નવા અભિયાન વિષે ખબર પડી. એ અભિયાનમાં ભાગ લેવા માટે વિશ્વના ચૌદ સર્વોત્તમ પર્વતારોહકોની પસંદગી થવાની હતી. પણ એમાંથી સર્વશ્રેષ્ઠને જ શિખર પર મોકલવામાં આવશે. બધા એ પ્રયત્ન કરી શકે, એ માટે ન તો પર્યાપ્ત સમય હતો, કે ન હતો પુરવઠો.

એનાથી વિપરીત તેનઝિંગ જન્મથી જ પહાડો સાથે પરિચિત હતો. એનો જન્મ નેપાળમાં રહેવાવાળા એક શેરપા પરિવારમાં થયો હતો. કેમકે એવરેસ્ટ નેપાળની સીમા પર છે, એટલે એ એની છત્રછાયામાંજ મોટો થયો હતો.

તેનઝિંગ પર્વતારોહકો માટે ગાઈડનું કામ કરતો હતો. લોકો એને બરફનો વાઘ કહેતા હતા. એણે ઘણી વાર એવરેસ્ટ પર ચઢવાનો પ્રયત્ન કર્યો. એના પરિવારને ચિંતા હતી કે એ ત્યાં સુધી પ્રયત્ન કરતો રહેશે જ્યાં સુધી એને સફળતા ન મળે, અથવા એ કોશિશમાં એનો જીવ ન જાય.

હિલેરી અને તેનઝિંગને આમંત્રિત કરવામાં આવ્યા. અભિયાન શરુ કરવા માટે બધા નેપાળની રાજધાની કાઠમંડુમાં ભેગા થયા.

પર્વત તરફ જતા પહેલા એમણે પુરવઠાનો પ્રબંધ કર્યો. આ અભિયાનમાં ત્રણ મહિનાનો સમય લાગવાનો હતો, એટલે એને 22,000 પાઉન્ડ વજનના ઉપકરણ સાથે લઈ જવાના હતા. જો કોઈ પણ આવશ્યક વસ્તુ રહી ગઈ, તો અભિયાનની અસફળતા નિશ્ચિત હતી. અને એક વાર નીકળી ગયા પછી છૂટી ગયેલી વસ્તુઓ મંગાવવાનું અસંભવ હતું.



હિલેરી અને તેનઝિંગે બધા સાધનસરંજામનું નિરીક્ષણ કર્યું. બધું જ હતું, એમના પસંદના ખાવાનાથી લઈને ગરમ ચામડાના કોટ પણ. પણ સૌથી મહત્વપૂર્ણ હતા એ સિલિન્ડર જે એ એની પીઠ પર બાંધીને લઈ જવાના હતા.

એ સિલિન્ડરોમાં ઓક્સિજન ભર્યું હતું, જેની મદદથી એ એટલી ઊંચાઈએ શ્વાસ લઈ શકે. પોતાના શરીરને પાતળી હવામાં રહેવા અનુકૂળ કરી પણ લેય, તો પણ બહુ ઓછા પર્વતારોહકો હશે જે ઓક્સિજન વગર ઊંચા પર્વતો ચઢી શકે. 26,000 ફીટની ઊંચાઈ પર "મૃત્યુ ક્ષેત્ર" (ડેથ ઝોન) શરુ થઈ જાય છે. અહીં કોઈ પણ ઓક્સિજન વગર વધારે સમય સુધી જીવિત રહી શકતું નથી.

પણ ઓક્સિજનના સિલિન્ડર ભારે હોય છે. એને ઉપાડવાને લીધે ચઢવાનું કામ વધારે મુશ્કેલ બને છે. આ અભિયાન માટે ઓછા વજનના સિલિન્ડરો મેળવવામાં આવ્યા છે. તેનઝિંગ અને હિલેરીને આશા છે કે એ એને સુગમતાથી ઉઠાવી શકશે.

આ અભિયાન 10 માર્ચ 1953 ના એવરેસ્ટ માટે રવાના થાય છે. પુરવઠો શક્ય હોય એટલી ઊંચાઇ સુધી લઈ જવા માટે 450 શેરપાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. એમાંથી મોટા ભાગના શેરપા 60 પાઉન્ડ સુધીનું વજન લઈ જઇ શકે છે.

એવરેસ્ટ સુધી પહોંચવા માટે અભિયાનને 190 માઈલ પગે ચાલીને જવું પડશે. પહોંચવા માટેનો એકમાત્ર રસ્તો એટલો સેંકડો છે કે એક સમયે એક જ વ્યક્તિ ચાલી શકે. પર્વતની તળેટી સુધી પહોંચવામાં જ એક મહિનાથી વધારે સમય લાગી ગયો.

રસ્તો એક જંગલથી શરુ થાય છે. હજી બહુ બફારો છે. થોડા સમયમાં બધા પરસેવે રેબ-ઝેબ થઇ જાય છે. વિશ્વાસ કરવો મુશ્કેલ છે કે થોડા સમયમાં એને મોટા ચામડાના કોટ અને બરફમાં ચાલવાના બુટ પહેરવા પડશે.

જંગલ બહુ રળિયામણું છે, પણ તેનઝિંગ અને હિલેરી બહુ સતર્ક અને સાવધાન છે. નજીકમાં જ ચિત્તા, મગરમચ્છ કે ઝેરી સાપ હોઈ શકે છે. જયારે એને પાણીમાં થઇને નીકળવું પડે છે, તો જળો એનું લોહી ચૂસે છે. નદીઓ પાર કરવા માટે એ દોરડાના બનેલા પૂલો પરથી પસાર થાય છે, જે પવનના ઝોકાથી જોર-જોરથી હલતા રહે છે.

રસ્તો એકસરખો એમને વધારે ઊંચાઇ પર લઇ જઇ રહ્યો છે. ઊંચાઇ સાથે ઠંડી પણ વધતી જાય છે. દૂર બરફથી ઢંકાયેલા શિખર દેખાઇ રહ્યા છે. એમાંથી એક એવરેસ્ટ છે.

અને અંતે, એ આવી પહોંચે છે. સૌથી ઊંચો એવરેસ્ટ એની સામે છે, એના અણીદાર ભાગ બરફથી ઢંકાયેલા છે. સૂર્યની રોશનીમાં એનું શિખર દૂરથી ચમકી રહ્યું છે. એ સમજવું મુશ્કેલ નથી કે શેરપા લોકો એને ચોમોલુન્ગમા, એટલે સમગ્ર વિશ્વના દેવી-માઁ, કેમ કહે છે. એને જોઇને એવું લાગે છે કે એક સમયે એણેજ આખી ધરતી પર રાજ કર્યું હશે. બધા પર્વતોની સામ્રાજ્ઞિ, એ સૌથી ડરામણી પણ અતિ ભવ્ય છે.



ચઢાઈ

બધા લોકો કામે લાગી જાય છે, અનેક તંબુ તાણીને પહેલી શિબિર એટલે કે બેસ કેમ્પ તૈયાર કરવામાં. આગળ જતા એ બીજા આઠ કેમ્પ લગાવશે, દરેક પાછલા કેમ્પ કરતા વધારે ઊંચાઇ પર. આ તંબુઓમાં છે ભોજન, ઉપકરણ, અને કડકડતી ઠંડીમાં થોડોક ગરમાવો, એટલે એ બધી વસ્તુઓ જેની જરૂરત ચઢાઇ ચાલુ રાખવા માટે એમને પડવાની હતી.

બેસ કેમ્પ હિમાલયના એક રહસ્યમય વિસ્તારમાં છે. અનેક શેરપાઓનું માનવું છે કે અહીં ઘણીવાર એક અજબ પ્રાણી ફર્યા કરે છે. માત્ર બે વર્ષ પહેલા અહીંના બરફમાં ચાર આંગળીઓવાળા પગના નિશાનના ફોટા સામે આવ્યા હતા. એ નિશાન માણસના ન હતા, અને ન તો કોઇ અન્ય પરિચિત પ્રાણીના.

કોઇ નિશ્ચયપૂર્વક જાણતું નથી કે એવું પ્રાણી હકીકતમાં છે કે નહીં. પણ શેરપાઓએ એને એક નામ આપી રાખ્યું છે, યેતિ, એટલે બરફમાં રહેવાવાળો માનવ. અન્ય લોકો એને એબોમિનેબલ સ્નોમેન (તિરસ્કૃત હિમમાનવ) પણ કહે છે. એવું કહેવાય છે કે યેતિ ચાલે છે તો ચાર પગ પર, પણ માણસની જેમ બે પગ પર દોડે છે. એના શરીર પર ભૂરા-લાલ રંગના વાળ છે અને એનું માથું ઉપરથી અણિયાળું છે.

આગળ બરફનું એક બહુ વિશાળ ક્ષેત્ર છે, જેને હિમનદી (ગ્લેસિયર) કહેવાય છે. એનું ઢલાણ બાળકોની સરકણી જેટલું છે, પણ એના જેટલું લીસું નથી. એમાં ઘણી જગ્યાએ ઊંડી ફાટ કે ઊંડી ખાઇ છે, જે ક્રિવેસ કહેવાય છે. એમાંથી થોડી સેંકડો ફીટ ઊંડી છે. એક નાની ભૂલ, અને માણસ હંમેશ માટે લુપ્ત થઇ શકે છે.

એ બોલતો નથી, પણ હસવા જેવો અવાજ કાઢે છે - "કક-કક-કક-કાઈ-ઈઈ! કક-કક-કક-કાઈ-ઈઈ!"

તેનઝિંગ અને હિલેરી આ રહસ્યનો ઉકેલ શોધવા ચાહે છે. પણ એ યેતિનો કેમ્પની આસ-પાસ કોઈ અતો-પતો નથી. અને એને શોધવા માટે હવે સમય નથી. ચઢાઈ પણ શરુ કરવાની છે.

તેનઝિંગ અને હિલેરી સૌથી આગળ ચાલવાનું શરુ કરે છે. હવે અહીંથી આગળ કોઇ રસ્તો કે પગદંડી નથી, એમણે પોતાનો રસ્તો જાતેજ બનાવવાનો છે.

અહીં-તહીં રહેલા બરફના થાંભલા મુશ્કેલી વધારવાનું કામ કરે છે. એ અચાનક ગબડીને પર્વતારોહકને ચગદી શકે છે.

હિલેરી અને તેનઝિંગ બહુ સાવધાનીથી ચઢાઈ કરી રહ્યા છે. એ બરફની કુહાડી (ice axe) નો ઉપયોગ કરીને બરફમાં પગથિયાં બનાવે છે. એ એના બૂટની નીચે બરફ ઉપર ચાલવા માટે જોડાને તળિયે જડાતું અણિયાળા ખીલાવાળું પતરું (ક્રેમ્પોન) બાંધે છે જેથી લસરીને નીચે ન પહોંચી જાય.



જયારે એ હિમનદીની બહુ પહોળી ફાટ પાસે પહોંચે છે, તો એ સાથે લાવેલા નિસરણી-પૂલને બિછાવીને એને પાર કરે છે. હિમનદીના રસ્તામાં એ રંગીન ઝંડા લગાવતા જાય છે, અને ટેકા માટે દોરડાના કઠેરા બાંધે છે. એ રીતે એની પાછળ આવનારા લોકો સરળતાથી આવી શકે, અને સુરક્ષિત રહે.

એ હિમનદીના મધ્ય ભાગ (જેને આઈસ-ફોલ કહેવાય છે) માંથી ઉપર ચઢે છે. હિમનદીના કિનારા પર ચાલવાનું સુરક્ષિત નથી હોતું કારણકે ત્યાં હિમપ્રપાત થઈ શકે છે. જયારે એ ચાલે છે તો બરફમાંથી કણસાટનો અવાજ આવે છે. ક્યારેક એ અનુભવી શકે છે કે બરફ એના પગ નીચે હલી રહ્યો છે.

થોડે દૂર જવા માટે પણ ઘણો વધારે સમય લાગી શકે છે. જેમકે માઇલના ત્રીજા ભાગ જેટલું આગળ વધવા માટે ચાર દિવસ લાગે છે. બધા એક બીજાને દોરડાથી બાંધીને સમૂહમાં ચઢે છે, જેથી જો કોઇ એક પડે તો બીજા એને સાંભળી લેય. એ એના ક્રેમ્પોનને બરફ ઉપર પટકીને ચાલે છે, અને સાથે આધાર માટે એની બરફની કુહાડી બરફમાં ખોસીને.

પણ આ પ્રકારે ચઢવું ઘણી વાર જીવ બચાવવાને બદલે એને ખોવાનું કારણ પણ બની શકે છે. જો એક વ્યક્તિ ગબડીને તિરાડમાં પડે, તો એ એની સાથે બધાને ખેંચીને લઇ જઇ શકે છે.

વારેવારે બદલાતું હવામાન પણ જોખમનું કારણ બની શકે છે. હિમનદી પર બપોરે અચાનક બરફનું તોફાન આવતું હોય છે. રાતનું તાપમાન શૂન્ય થી 14 ડિગ્રી નીચે, અને બીજે દિવસે સવારે શૂન્ય થી 70 ડિગ્રી ઉપર હોઇ શકે છે.

સૂર્ય પણ જોખમનું કારણ બની શકે છે. ક્યારેક સૂરજ બરફ પર એટલી તેજીથી ચમકે છે કે પર્વતારોહકના ચહેરાની ત્વચાને બહુ ખરાબ રીતે બાળી નાખે છે. સફેદ બરફ પર આંજી નાખે એવો પ્રકાશ આંખોને નુકસાન પહોંચાડી શકે છે.

જયારે એવું થાય છે, તો વ્યક્તિની દ્રષ્ટિને થોડા સમય માટે અસર થાય છે - એ સ્નો-બ્લાઇન્ડ થઇ જાય છે. એ અંધાપો અસ્થાયી હોય છે, પણ ઘણા દિવસો સુધી રહી શકે છે. એટલે બધા એની આંખોને બચાવવા માટે વિશેષ ચશ્મા પહેરે છે.

એક દિવસ ફક્ત તેનઝિંગ અને હિલેરી હિમનદી પર હતા. પવન બહુ પ્રખર હતો, અને બહુ ઠંડી હતી.

હિલેરી આગળ ચાલી રહ્યો હતો, અને રસ્સીથી બાંધેલો તેનઝિંગ પાછળ. એ ધીમે-ધીમે એક-એક ડગલું ભરી રહ્યો હતો. અચાનક હિલેરીના પગ નીચે કંઇ ન હતું! એ અચાનક ઊંડી ખાઇમાં ગબડી પડયો. બરફની દીવાલ પર સરકતો એ એક છાજલી પર જઇને પડયો.

તેનઝિંગ તરત કામે લાગી ગયો. એણે એની કુહાડી બરફમાં ખુંચવી દીધી. એણે દોરડાને કુહાડીના હાથા પર વીંટી લીધું અને કમર પર પણ દોરડું લપેટી લીધું. એને મદદ માટે બૂમ પાડતો હિલેરીનો અવાજ સંભળાતો હતો. ધીમે-ધીમે પણ દ્રઢતાથી એણે હિલેરીને બહાર ખેંચી લીધો.



આ બહુ જ નાજુક પરિસ્થિતિ હતી, જેમાં કંઇ પણ બની શકતું હતું. પણ તેનઝિંગે હિલેરીના પ્રાણ બચાવ્યા.

હવે આ અભિયાન બરફથી ભરેલી એક વિશાળ ઘાટીમાં પહોંચી ગયું હતું. એ પર્વતની નીચે એક વિશાળ લસરપટ્ટીની જેમ આવી રહી હતી. ઉપર મોટા-મોટા પગથિયાં પણ હતા, જાણે કોઇ વિશાળકાય દૈત્ય એ પોતાને માટે દાદરો બનાવ્યો હોય.

હવામાન વધારે ને વધારે ખરાબ થઇ રહ્યું છે - તેજ પવન ફૂંકાઇ રહ્યો છે, બરફ અને કરા પડી રહ્યા છે. ખૂબ ઠંડીને લીધે એના ગળા સૂકાઇ રહ્યા છે, અને એને વારેવારે તરસ લાગી રહી છે.

એ એક સમતળ સ્થાન પર પહોંચે છે, જે ચંદ્રમાની સપાટી જેવું અજાણ્યું લાગે છે. વાદળી બરફથી ઢંકાયેલા પથ્થર ચારે બાજુ વિખરાયેલા છે. સમુદ્ર તટથી એની ઊંચાઇ સાડા ચાર માઇલ થી પણ વધારે છે, તો પણ પર્વતનું શિખર હજી પણ બહુ દૂર હોય એવું લાગે છે, જે હંમેશા બર્ફીલા તોફાનો, વાદળો અથવા ડરામણા ધુમ્મસ પાછળ છુપાયેલું રહે છે.

અભિયાનના બીજા બે લોકોને શિખર સુધી જવા માટે પસંદ કરવામાં આવ્યા છે. પણ થોડા કલાકમાં એ થાકેલા અને ગમગીન પાછા ફરે છે. એ શિખર સુધી પહોંચી ન શક્યા.

હવે તેનઝિંગ અને હિલેરી આગળનો પ્રયાસ કરશે. એ બંને એકલા થોડી ચઢાઇ કરે છે, અને ત્યાં તંબુ તાણીને રાત માટે રોકાઇ જાય છે. હવે એવરેસ્ટ પર વિજય મેળવવાનું આ બંને પર નિર્ભર છે.

શિખર સુધી

29 મે 1953 નો દિવસ. 27900 ફીટની ઊંચાઇ પર સવારના ચાર વાગ્યા છે. તેનઝિંગ અને હિલેરી એના તંબુમાં એક બીજાની હૂંફમાં બેઠા છે. આજ સુધી કોઇએ આટલી ઊંચાઇ પર રાત વિતાવી નથી.

સૂરજ ઉગી રહ્યો છે. એની રોશનીમાં ચારે બાજુ બરફ ચમકી રહ્યો છે. પવન શાંત થાય છે. હવામાન સ્વચ્છ થઇ જશે.

બંનેએ જલ્દી-જલ્દી નાસ્તો કર્યો. નાસ્તામાં એ સાર્ડીન માછલી, બિસ્કિટ, લીંબુનો રસ, ખાંડ અને ચ્હા લેય છે.

હિલેરીના બૂટ થીજી ગયા છે, એટલે એ એને ગરમ કરવા નાના સ્ટોવ પર રાખે છે. ગરમ ચામડા અને રબરની ગંધ તંબુમાં ફેલાઈ જાય છે, જે એટલી ખરાબ છે કે બંને જલ્દી નીકળી જવા ઉતાવળા થાય છે.

સાડા છ વાગે બંને જવા માટે તૈયાર છે. જયારે એ તંબુની બહાર નીકળે છે તો એ પર્વતારોહક ઓછા અને અંતરિક્ષ યાત્રી વધારે લાગે છે. કેમકે તાપમાન શૂન્યથી 17 ડિગ્રી નીચે છે, એ એના સૌથી ગરમ કપડાંના આઠ થર શરીર પર પહેરે છે. એના હાથ પર ત્રણ-ત્રણ જોડી હાથમોજા પહેરેલા છે. પગને થીજી જતા રોકવા માટે એણે વિશેષ બૂટ પહેર્યા છે. બંને એની પીઠ પર 40-40 પાઉન્ડ વજનના ઉપકરણ વહન કરી રહ્યા છે.

બરફ મુલાયમ અને લપસણો છે. દર પાંચ ડગલાં આગળ જતા એ ત્રણ પગલાં પાછળ સરકી જાય છે. આવા બરફનો અર્થ છે, હિમપ્રપાતની સંભાવના. હિલેરીએ તેનઝિંગને પૂછ્યું, "શું આપણે આગળ વધવું જોઈએ?" તેનઝિંગે જવાબ આપ્યો, "જેવી તમારી મરજી." આગળ જે પણ જોખમ હોય, હવે બેમાંથી કોઈ પણ પાછું જવા ચાહતું નથી.

આગળ એક સાંકડી રીજ (ridge) છે, એટલેકે પર્વતનો ઉપરી હિસ્સો જ્યાં એના બે બાજુના ઢલાણ મળે છે. એનું ચઢાણ બહુ આકરું છે, અને એ પગદંડી જેટલી સાંકડી છે. એ જાણે છે, આગળના દરેક પગલાં એના છેલ્લા હોઈ શકે છે.

હિલેરીએ એની કુહાડીથી બરફમાં બંને માટે પગથિયાં કોતર્યાં. પણ તેનઝિંગ પાછળ રહી ગયા હતા. કંઈક ગરબડ છે! તેનઝિંગની ઓક્સિજનની નળીમાં બરફ ભરાઈ ગયો છે. એ બહુ મુશ્કેલીથી શ્વાસ લઈ શકે છે.

હિલેરીએ નળીને પકડી. સમય બહુ ઓછો હતો. એ નળીને ખોલવામાં સફળ થાય છે. તેનઝિંગે જોરથી ઓક્સિજન ખેંચીને એના ફેફસા ભર્યાં. બીજી એક નાજુક પરિસ્થિતિ. આ વખતે હિલેરીએ તેનઝિંગનનો જીવ બચાવ્યો.

એ હવે એ જમીન પર ચાલી રહ્યા હતા, જેને કોઈ માણસે હજી જોઈ પણ ન હતી. અચાનક એક કાળા ખડકની સુંવાળી દીવાલે એનો રસ્તો રોકી લીધો. એ ખડક 40 ફીટ ઊંચો હતો, અને એની બંને બાજુથી જવાનો કોઈ રસ્તો ન હતો. શું એ પર્વતે આખરે એને હરાવી દીધા? આ ઊંચી દીવાલ પર એ કેવી રીતે ચઢી શકશે?

પણ હિલેરીને એક ઉપાય સૂઝી આવ્યો. દીવાલમાં એક સાંકડી તિરાડ છે, જે કદાચ ઘુસી શકાય એટલી પહોળી હતી. તિરાડની એક બાજુ બરફ હતો. જો એ તૂટે તો હિલેરી ત્યાંજ લટકી જાય. અને જો તેનઝિંગ એનો ભાર ઝીલી ન શકે, તો બંને એવરેસ્ટની બાજુથી પડી જાય.



એ તિરાડમાં ઘૂસીને એને પાર કરવામાં હિલેરીને અડધો કલાક લાગે છે. એણે આવા થાકનો અનુભવ જીવનમાં ક્યારેય કર્યો ન હતો.

પણ અંતે એ સુરક્ષિત છે. એ બરફ પર ઢગલો થઈને પડી ગયો. એના શ્વાસ એટલા ફૂલી ગયા હતા કે એણે કહ્યું, "હું પાણીમાંથી નીકળેલી માછલીની જેમ હાંફી રહ્યો હતો."

ડર અને આશંકાથી એ ડગલાં ભરતા આગળ વધે છે. હવે શિખર હજી કેટલે દૂર છે? એને લાગી રહ્યું છે કે એ અનંત કાળથી આ પર્વત પર ચઢી રહ્યા છે. આગળ એક ઢગલો છે. અને પછી પર્વતનું ઉતરાણ.

અરે, એ બરફનો ઢગલો જ પર્વતનું શિખર છે! એ બધા જોશથી એના તરફ આગળ વધે છે. પણ અચાનક એ અચકાય છે. બરફનો ઢગલો એક હિમપ્રપાતની જેમ પર્વત પરથી નીચે ન ધસી જાય. શું એ એટલો મજબૂત છે કે એના ઉપર ઉભા રહી શકાય?

પણ હવે એ રોકાઈ ન શકે. એ શિખર પર ચઢી જાય છે, અને એ ટકી રહે છે.

એમણે એનું લક્ષ્ય સાધી લીધું હતું. સંસારની છત પર પહોંચવાવાળા એ પહેલા મનુષ્ય હતા.

તેનઝિંગે વિજયી સ્મિતવાળા ચમકતા ચહેરા સાથે હિલેરી સામે જોયું, અને પછી બંનેએ હાથ મિલાવ્યા. તેનઝિંગ એટલો ખુશ છે કે એણે હિલેરીને ગળે લગાવ્યો. અને પછી એણે એની શેરપાની ભાષામાં કહ્યું, "થુજી ચે, ચોમોલુન્ગમા." હું આભારી છું, વિશ્વની દેવી માતા.

સવારના 11:30 વાગી રહ્યા છે. એમણે એના ઓક્સિજન સિલિન્ડર ઉતારીને નીચે મૂકી દીધા. હિલેરીએ એક કેમેરા કાઢ્યો જે એણે એના પોશાકની અંદર ગરમ રાખ્યો હતો. એને ફોટા લેવા હતા, એ સિદ્ધ કરવા કે એ શિખર સુધી પહોંચી ગયા. પહેલો ફોટો હિલેરીનો પાડવામાં આવ્યો જેણે એની કુહાડીના હાથા પર ચાર ઝંડા લગાવી રાખ્યા હતા. એ ઝંડા હતા સંયુક્ત રાષ્ટ્ર, નેપાળ, ભારત અને ગ્રેટ બ્રિટન ના.

બંનેએ ટોચ પરથી નીચે નજર નાખી અને ત્યાં તરતા વાદળાં જોયા. એવરેસ્ટ પર્વતનો જાંબલી પડછાયો દૂર સુધી ફેલાયેલો હતો, અને સૂર્યના પ્રકાશમાં નીચે વહેતી નદીઓ ચાંદીની જેમ ચમકી રહી હતી. "આપણી ઉપર કંઈ પણ નથી, અને સમગ્ર સંસાર આપણી નીચે છે," હિલેરી મનમાં બોલ્યો.



એમણે એના ઓક્સિજનનું પરીક્ષણ કર્યું, અને એક હળવો નાસ્તો કર્યો: ચોકલેટ કેક અને લીંબુનું શરબત. પછી તેનઝિંગે બરફમાં એક નાનો ખાડો ખોદીને એ દેવતાઓ માટે ત્યાં ભેટ મૂકી, જે એમની માન્યતા પ્રમાણે એવરેસ્ટ પર રહે છે. એ ભેટ હતી થોડી મીઠાઈઓ, ચોકલેટ, બિસ્કિટ, એક વાદળી પેન્સિલ જે એની દીકરીએ એને આપી હતી, અને એક કાળા કપડાંની બનેલી બિલાડી.

હિલેરીએ પણ એક નાનો ખાડો બનાવ્યો. એણે એમાં એક ક્રોસ દબાવ્યો, જે અભિયાનના પ્રમુખે એને ત્યાં રાખવા માટે આપ્યો હતો.

પંદર મિનિટ પછી એ ત્યાંથી નીકળી પડયા. જો એ વધારે રોકાત તો એનું ઓક્સિજન ખલાસ થઈ શકતું હતું. બંને વિજયના ભાવથી પ્રસન્નચિત્ત એવેરેસ્ટના શિખર પરથી નીચે ઉતરવા લાગ્યા. એમણે સંસારની છત પર ઉભા રહેવાનો અનુભવ મેળવ્યો હતો.

આગળ જતા

તેનઝિંગ અને હિલેરી હવે મહાનાયક બની ચુક્યા હતા. એક રીતે એ પૂરી માનવતાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. એમણે સિદ્ધ કરી દીધું હતું કે મનુષ્ય આ પૃથ્વીના સર્વોચ્ચ બિંદુ સુધી પહોંચી શકે છે. એમનું આ અદ્ભૂત પરાક્રમ આખી દુનિયામાં ઉજવાઈ રહ્યું હતું.

ગ્રેટ બ્રિટનમાં લાઉડ સ્પીકરથી આ સમાચારની ઘોષણા કરવામાં આવી રહી હતી. ભીડ ગાંડાની જેમ મોટેથી બૂમ પાડી રહી હતી, "એવરેસ્ટ પર વિજય પામવામાં આવ્યો છે!" ઇંગ્લેન્ડની નવી મહારાણી એલિઝાબેથે બંને પર્વતારોહકોને વધામણીનો ટેલિગ્રામ મોકલાવ્યો.

કાઠમંડુમાં નેપાળ નરેશે બંનેનું ભવ્ય સ્વાગત કર્યું. એની 3 માઈલ લાંબી પરેડ કાઢવામાં આવી, જેને જોવા માટે સડકની બંને બાજુ હજારોની સંખ્યામાં લોકો ઉભા હતા. તેનઝિંગને "નેપાળનો તારો" નામનો ખિતાબ આપવામાં આવ્યો. એ એના દેશનું સર્વોચ્ચ સન્માન છે.

પછી હિલેરી અને તેનઝિંગ ભારત આવ્યા, જ્યાં તેનઝિંગ વર્ષોથી રહેતા હતા. એરપોર્ટ પર 20,000 લોકોના વિશાળ જનસમૂહે એનું સ્વાગત કર્યું.



ભારતે એ બંનેના સન્માનમાં ટપાલ ટિકિટ બહાર પાડી જેમાં બંનેનું ચિત્ર અંકિત હતું. થોડા લોકો તો એવરેસ્ટ પર્વતનું નામ બદલીને તેનઝિંગ પર્વત કરવા માંગે છે.

પછી, રાણી એલિઝાબેથે હિલેરીને વિશેષ રૂપથી સન્માનિત કર્યા. એને નાઈટ (knight) ની ઉપાધિ આપવામાં આવી, અને હવે એને "સર એડમન્ડ હિલેરી" કહીને સંબોધિત કરવામાં આવશે. રાણીએ તેનઝિંગને એક મહત્વપૂર્ણ પુરસ્કાર "જોર્જ મેડલ" આપીને સન્માનિત કર્યા. બ્રિટનમાં આ બંને એવરેસ્ટ વિજેતાઓના નામ પર સડકોના નામ રાખવામાં આવ્યા છે.

પણ થોડા લોકો આ અભિયાન વિષે મતભેદ ઉભા કરે છે. કોણ વધારે સારો પર્વતારોહક છે? બંનેમાં કોણ શિખર પર પહેલા પહોંચ્યું? થોડાનું માનવું છે કે હિલેરીને તેનઝિંગ કરતા વધારે શ્રેય આપવામાં આવે છે, કારણકે એ એક ગોરો છે, અને તેનઝિંગ નહીં.

આ વિવાદ હિલેરી અને તેનઝિંગ સમજી શકતા નથી. બંને સમજે છે કે એક બીજા વગર એ સફળ થયા ન હોત. અને બંને મળીને પણ આ કામ કરી ન શકત જો અભિયાન સાથે જોડાયેલા અન્ય લોકોએ સંયોજિત અને એકત્રિત કાર્ય કર્યા ન હોત.

તેનઝિંગ પર્વતારોહકોને પ્રશિક્ષણ આપવાવાળી એક સ્કૂલના પ્રમુખ બની ગયા. હિલેરી એન્ટાર્ટિકાનું અન્વેષણ કરવા લાગ્યા, અને અન્ય પર્વતોની ચઢાઇ કરી. એણે યેતીની શોધ માટે પણ એક અભિયાન સંયોજિત કર્યું.

હિલેરીએ શેરપાઓની સહાયતા માટે પણ ઘણો સમય આપ્યો. મોટા ભાગના શેરપા બહુ ગરીબ હોય છે. એણે એને માટે સ્કૂલ, હોસ્પિટલ, હવાઇ-પટ્ટી, અને ઘણા પૂલો માટે ધન ભેગું કરવાના કાર્યો કર્યા. એની અને તેનઝિંગની મિત્રતા હંમેશા કાયમ રહી.

બંનેમાંથી કોઈ પણ એવરેસ્ટ પર પાછું ન ગયું. એમને લાગે છે કે બીજી વાર ત્યાં જવામાં એટલો રોમાંચક અનુભવ ન થઈ શકે જે પહેલી વારમાં થયો હતો.

પણ આવનારા વર્ષોમાં બીજા ઘણા પર્વતારોહકો એવરેસ્ટના શિખર પર પહોંચ્યા. થોડાએ એ જ રસ્તો લીધો જે હિલેરી અને તેનઝિંગે લીધો હતો. પણ બીજાએ નવા રસ્તા લઈને નવા પડકાર ઉભા કર્યા. હલકા વજનના આધુનિક ઉપકરણોને લીધે એને સફળતા પણ મળી.

થોડા બીજા લોકો શિખર સુધી પહોંચવા માટે સૌથી સરળ રસ્તો શોધવા ચાહે છે. એ આ કામમાં કમ્પ્યુટરની મદદ લેય છે, અથવા અડધા રસ્તા સુધી એ હેલિકોપ્ટરથી જાય છે. એને માટે સૌથી મહત્વપૂર્ણ છે શિખર પર પગ મુકવાનું.

થોડા એવા સાહસિક લોકો પણ છે, જે વધારાનું ઓક્સિજન લીધા વગર ઉપર સુધી ચઢવા ચાહે છે. રેઇનહોલ્ડ મેસનર નામની એક વ્યક્તિએ એક અવિશ્વસનીય કાર્ય પાર પાડયું. 1980 માં એ સાવ એકલો, ઓક્સિજનની ટાંકી વગર, એવેરેસ્ટના શિખર સુધી પહોંચવામાં સફળ રહ્યો.

પૃથ્વીનો સૌથી ઊંચો પર્વત હજી પણ બહુ જોખમકારક સ્થળ છે. એના શિખર સુધી પહોંચવાના પ્રયાસમાં 100 થી વધારે લોકોએ એના જીવ ખોયા છે. જ્યાં સુધી મનુષ્ય પોતાને માટે કોઇ પડકારની શોધમાં રહેશે, એ એવરેસ્ટ પર જવા માટે પ્રયત્ન કરતો રહેશે. થોડા શિખર સુધી પહોંચી શકશે, મોટા ભાગના નહીં.

ભલે ઘણા લોકો એવરેસ્ટ પર ચઢી જાય, સૌથી પહેલા સફળ થવાવાળાને આપણે હંમેશા યાદ રાખશું. એવું માનવામાં આવતું હતું કે ક્યારેય કોઇ એવરેસ્ટ ચઢી નહીં શકે, જ્યાં સુધી હિલેરી અને તેનઝિંગે સફળતા મેળવી ન લીધી.



સમાપ્ત